**એન.ડી.પી.એસ. કેસ નં.૦૧/૨૦૨૨ ના કામે આંક–૫૮ હેઠળ હુકમ**

સદરહુ કામના ત.ક.અમલદાર શ્રી એસ.પી.ગોહીલનાઓને અગાઉ સમન્સ બજેલ છે. સમન્સ બજવા છતાં હાજર ન રહેતા કારણદર્શક નોટીસ કરવામાં આવેલ જે પણ બજી ગયેલ છે. ત.ક.અમલદારશ્રીની હાજરી સુનીશ્ચત કરવા ઈસ્યુ કરવામાં આવેલ બેલેબલ વોરંટ બજે કે વગરબજે પરત નથી પરંતુ વિ.પી.પી.શ્રી પ્રોસીકયુશન એજન્સી તરફથી મળેલ માહીતી આધારે ત.ક.અમલદાર અન્ય કામે રોકાયેલા હોય આજરોજ હાજર રહી શકે તેમ નથી તેવુ કારણ દર્શાવી મુદત રીપોર્ટ રજુ કરે છે.

વિ.પી.પી.શ્રી તરફથી રજુ થયેલ મુદત રીપોર્ટ સ્વયં ઘણી બધી બાબતો જણાવી જાય છે. રીપોર્ટની વીગતને વંચાણે લેતા ત.ક.અમલદારશ્રીને આજરોજ જુબાની માટે હાજર રહેવાની તારીખ મુકરર થયેલાની જાણ છે. મુદત રીપોર્ટ રજુ કરાવેલ છે તેથી તેઓ વિરુધ્ધ જામીનલાયક વોરંટ ઈસ્યુ થયેલ છે તે બાબતે પણ તેઓ માહીતગાર છે. સાહેદ પોલીસ દરજ્જા અધીકારી શ્રી છે અને તેઓ હાલે વલસાડ જીલ્લામાં ફરજ બજાવે છે અને ત્યાંથી મુદત રીપોર્ટ રજુ કરાવવા પ્રોસીકયુશન એજન્સીના સંપર્કમાં રહી શકે તેમ છે પરંતુ માત્ર અન્ય કામોમાં રોકાયેલ છે તેમ જણાવી જુબાની માટે હાજર રહેવાનું કોઈ ખાસ અને વ્યાજબી કારણવીના ટાળી રહયા હોય તેવો નિર્દેશ મળે છે.

સાહેદના ઉપરોકત વર્તનને સહજતાથી લઈ શકાય નહી. સાહેદ જયારે તેઓ વિરુધ્ધ જામીન લાયક વોરંટ ઈસ્યુ થયેલ હોવા બાબત તેમની જાણમાં હોવા છતા જુબાની માટે હાજર રહેલ નથી ત્યારે સાહેદની ફેરમુદત તારીખે હાજરી સુનીશ્ચીત કરવા ન્યાયના હીતમાં આકરા પગાલા લેવા સીવાય આ અદાલત સામે કોઈ વીકલ્પ બચતો નથી. જેથી અને.ડી.પી.એસ. ગુનાનું ટ્રાયલ પડતર ન રહે તે માટે સાહેદની હાજરી સુનીશ્ચીત કરવા તથા સાહેદને તેઓએ સ્વેચ્છા પુર્વક બજેલ સમન્સની કરેલ અવગણના સબબ તેઓ વિરુધ્ધની કાર્યવાહી સબંધે એક ખુલાસો કરવાની તક મળી રહે તે તમામ બાબતોને નજર સમક્ષ રાખી ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

સાહેદની હાજરી સુનિશ્ચીત કરવા પો.ઈન્સ. થી નીચેના દરજ્જાના નહી તેવા અધીકારીએ બજવણી કરવી તેવા આદેશ સાથે જામીનલાયક વોરંટ રીઈસ્યુ કરવા હુકમ કરવામાં આવે છે

સાહેદે તેઓને બજેલ સમન્સની અવગણના કરી જુબાની માટે હાજર રહેવાનું ટાળેલ હોય ક્રિ.પ્રો.કોડ ૧૯૭૩ ની કલમ–૩૫૦ અંતર્ગત સંક્ષીપ્ત કાર્યવાહી કરતા પુર્વે સાહેદને પોતાનો ખુલાસો રજુ કરવાની તક મળી રહે તે માટે સી.આર.પી.સી. ૩૫૦ મુજબની કારણદર્શક નોટીસ કરવાનો હુકમ કરવામાં આવે છે.

તા.૦૧/૦૪/૨૦૨૪

વેરાવળ

(પી.એસ.ગઢવી)
સેશન્સ જજ,
વેરાવળ.